# હોળી પ્રાગટ્ય સંદર્ભે અસમંજસતા

ગાંધીનગર, તા. ૧

હિન્દુ ધર્મમાં તહેવારોમાં હોળી-ધૂળેટીનું પર્વ મહત્વનું ગણાય છે. હોલિકાદહન તથા રંગોનું પર્વ ધૂળેટી દરેક લોકો અનેરા ઉત્સાહ અને ઉમંગથી ઉજવે છે. આ વર્ષે હોળી પ્રગટાવવાની તારીખને લઈને તથા ધૂળેટી પર્વ મનાવવાને લઈને લોકોમાં ભારે અસમંજસ છે. લોકોમાં દ્વિધા છે. આ વર્ષે હોળીની તિથિમાં ભારે સંશય છે.

પંચાંગ અનુસાર તારીખ ૬ઠ્ઠીના સોમવારના સાંજે ૪.૦૮ મિનિટ પછી પૂર્ણિમાનો આરંભ થાય છે. એટલે રાત્રીકાળમાં પૂર્ણિમા છે. બીજા દિવસે તારીખ ૭મીના સાંજના ૬.૧૧ વાગ્યા સુધી જ પૂર્ણિમા છે. જ્યારે હોળીનો નિયમ છે કે નિશાકાળમાં જ પ્રગટાવવામાં આવે ત્યારે તારીખ ૭મીના નિશાકાળ સુધી પૂર્ણિમા તિથિ પહોંચતી નથી. માટે શાસ્ત્ર અનુસાર તારીખ ૬ ના રોજ હોળી પ્રગટાવવી જ્યારે ઉદયતિથિના નિયમને અનુસરતા હો તો તારીખ ૭મીના પણ હોળી પ્રગટાવી શકાય છે. શાસ્ત્રમાં નિશાકાળમાં જ હોળી પ્રગટાવવાનું જણાવાયું છે અને ઉલ્લેખ પણ કરાયો છે. તેમાં હોલિકાદહન નિશાકાળમાં કરવું જોઈએ. દિવસમાં હોલિકાદહન અથવા હોલિકા પૂજન ન કરાય. હોલિકાદહનની પૂજા સમયે મુખ પૂર્વ કે ઉત્તર દિશામાં હોવું જોઈએ. હોલિકાદહન કરતા પહેલા ઓછામાં ઓછી ૭ વાર હોલિકાની પરિક્રમા કરવી, હોળી પ્રગટાવતા પહેલા પરિવારના સુક-શાંતિ માટે પ્રાર્થના કરવી.

**પાલજમાં ૬ઠ્ઠી તારીખે હોળી પ્રગટાવવામાં આવશે**



## ધૂળેટીની ઉજવણી ક્યારે ?

આ વખતે તિથિ સમયના ફેરફારના કારણે હોળી-ધૂળેટી પર્વની ઉજવણીમાં ભારે દ્વિધા સર્જાઈ છે. પાલજમાં તારીખ ૬ના રોજ હોળી પ્રગટાવવામાં આવશે. જ્યારે ઘણી જગ્યાએ ૭મીના રોજ હોળી પ્રગટાવવામાં આવશે અને તારીખ ૭મીએ ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવશે. જ્યારે કેલેન્ડરમાં તારીખ ૮ના રોજ જાહેર રજા જાહેર કરવામાં આવી છે.

## હોલિકાદહનનું પૌરાણિક મહત્વ

પુરાણો અનુસાર રાક્ષસ રાજા હિરણ્યકશ્યપને ગુસ્સો આવ્યો જ્યારે તેમણે જોયું કે તેમનો પુત્ર પ્રહલાદ ભગવાન વિષ્ણુ સિવાય અન્ય કોઈને માનતો નથી. તેમણે તેમની બહેન હોલિકાને પ્રહલાદને ખોળામાં લઈને અગ્નિમાં બેસવાનો આદેશ આપ્યો. હોલિકાને વરદાન હતું કે અગ્નિ તેને નુકશાન પહોંચાડી શકતી નથી. પરંતુ થયું તેનાથી વિપરીત, હોલિકા બળીને ખાખ થઈ ગઈ. ભક્ત પ્રહલાદને કંઈ થયુ નહી. હોળીનો તહેવાર એ સંદેશ આપે છે કે એ જ રીતે ભગવાન પોતાના ભક્તોની રક્ષા માટે હંમેશા હાજર રહે છે.

# વાવોલના અસરગ્રસ્ત ખેતમજૂરોને આપેલી નોટીસો સામે વિરોધનો સૂર

**વાવોલમાં નિર્માણાધિન નવા ફોરલેન રોડને પગલે ૭૦૦ જેટલાં દબાણકર્તાઓને નોટીસો અપાઇ છે : ત્રણ સર્વે નંબરો માલિકીના હોવાનો દાવો : નોટીસો પરત ખેંચી ઝુંપડા-દુકાનો કાયમી કરી આપવા માંગ**

ગાંધીનગર, તા. ૦૧

ગાંધીનગરના વાવોલ ખાતે નિર્માણાધિન નવા ફોરલેન રોડને પગલે આ માર્ગના નિર્માણના રસ્તામાં આવતા અને ઘણાં વર્ષોથી કબજો ધરાવતા ગામના ખેત મજૂરોના ઝુંપડા, દુકાનો, ગલ્લા તથા શાકભાજીની લાગણીઓ હટાવી દેવા માટે મહાનગર પાલિકા દ્વારા નોટીસ આપવામાં આવી છે જે અંગે વિરોધનો સૂર ઉઠવા પામી રહ્યો છે. અસરગ્રસ્ત ખેત મજૂરો દ્વારા આ બાબતે મ્યુનિસિપલ કમિશનર સમક્ષ ૨૦ મુદ્દાની રજૂઆત કરવામાં આવી છે જેમાં વાવોલ ફાટકે ત્રણ સર્વે નંબરો ખેડૂતોની માલિકીના હોવાનું જણાવી તાત્કાલિક નોટીસ પરત ખેંચવા જણાવ્યું છે. વાવોલના અસરગ્રસ્ત ખેત મજૂરો દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં પાસેના ત્રણ સર્વે નંબરો ખેડૂતોની માલિકીના હોવા સાથે અન્ય રજૂઆતોમાં જણાવ્યું છે કે આશરે ૭૦૦ કરવામાં આવ્યા છે જેમાં અનેકને સનદ પણ મળી ચૂકી છે અને બાકીનાઓ પૈકી કેટલાંકને તાલુકા વિકાસ અધિકારીના હુકમ મળ્યા છે જ્યારે કેટલાકના જિલ્લા પંચાયત કચેરીમાં છે જેથી દબાણની નોટિસ કેવી રીતે આપી શકાય? પાટનગર નિર્માણ માટે વાવોલ ગામની ૩૦૦૦ વીઘા જમીન વિઘાના ૪૦૦ રૂપિયા જેવા સસ્તા ભાવે સંપાદિત કરી હતી અને આજે સરકાર દ્વારા તેની ૫૪ કરોડના ભાવે વેચવામાં આવી રહી છે વાવોલ ગામના ખેડૂતોને જમીનના બદલામાં પ્લોટ તથા નોકરી અથવા દુકાન રાહત દરે આપવામાં આવી છે પરંતુ જે જમીન અને ગૌચર પર ગામના ખેત મજૂરો ગુજરાત ચલાવતા હતા તે ખેત મજૂરોને કોઈ લાભ આપવામાં આવ્યો નથી જેથી આ ખેત મજૂરોના મકાનો અફવા દુકાન કાયદેસર કરવા કે ખેત મજૂરોનો મૂળભૂત અધિકાર છે તેમજ ખેત મજૂરોની દુકાન કે ઝૂંપડા રોડને નડતર નથી તેથી તેને દૂર કરવા જરૂરી નથી તેવું જણાવવા સાથે આ ઝુપડા ૫૦ વર્ષથી વધુ સમયથી હોવાનું જણાવવાનું છે જેને સરકારી તંત્ર દ્વારા વીજળી ગેસ પાણી સ્ટ્રિટલાઈટ વગેરેની સુવિધા પણ પૂરી પાડવામાં આવી ચુકી છે. આ ઝુપડાઓ કાયદેસર કરવા માટે પૂર્વ મુખ્યમંત્રી સ્વર અમરસિંહ ચૌધરીએ સૂચના આપી હતી જે અંગેની ફાઈલ પણ જિલ્લા કલેકટર કચેરીએ છે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે. આ ખેત મજૂરો ૧૦ પેઢીથી વસવાટ કરતા હોવાથી માત્ર રોડથી તળાવના વિકાસ માટે ગામ તોડવું યોગ્ય નથી તેવું જણાવતા એક અસરગ્રસ્ત ખેત મજૂરો દ્વારા નોટિસો પાછી ખેંચવા રજૂઆત કરવામાં આવી છે.

# શહેરમાં વિજયસિંહ પથિકની ૧૪૨મી જન્મજયંતિ ઉજવાઈ

**પથિકજીના બતાવેલા માર્ગે ગરીબ અને શોષિત વર્ગના ઉત્થાન માટે સંકલ્પ કરવામાં આવ્યો**



ગાંધીનગર, તા. ૦૧

અંગ્રેજો અને સામંતશાહી વસુલાત સામે ખેડૂતોને જાગૃત કરનાર ક્રાંતિકારી વિજયસિંહ પથિકની ૧૪૨મી જન્મજયંતિની સેક્ટર-૧૫સ્થિત ગુર્જર સમાજની પથિક સેનાના પ્રદેશ કાર્યાલય ખાતે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સભ્યોને સંબોધતા પથિક સેનાના પ્રદેશ પ્રમુખ માંગીલાલ હદવાએ જણાવ્યું હતું કે "વિજયસિંહ પથિક રાજપૂતાના ખેડૂતો માટે લડ્યા હતા, તેમણે મેવાડના બિજોલિયા વિસ્તારને પોતાનું કાર્યસ્થળ બનાવીને ખેડૂતોને જાગૃત કરવાનો પૂરો પ્રયાસ કર્યો. તેમના પ્રયાસોને કારણે ખેડૂતોને તેમના પર લાદવામાં આવેલા અનેક પ્રકારના કરમાંથી મુક્તિ મળી હતી. તેઓ જીવનભર દલિત વર્ગ માટે સંઘર્ષ કરતા રહ્યાં હતાં." હદવાએ વધુમાં જણાવ્યું હતું કે "પથિકજીના બતાવેલા માર્ગ પર ચાલીને આપણે ગરીબ અને દલિત નાગરિકોના ઉત્થાન માટે કામ કરીએ તે જરૂરી છે." આ પ્રસંગે સામાજિક કાર્યકર ચુન્નીલાલ ચંદનાએ ઉપસ્થિત સભ્યોને પથિકજી દ્વારા બતાવેલા માર્ગ પર ચાલવાનો સંકલ્પ કરવા સાથે તેમના વિચારોમાંથી પ્રેરણા લેવાની સલાહ આપી હતી. આ પ્રસંગે હરલાલ ચંદના, ગંગારામ કાંગસ, ધર્મા છચીયાર, સુખલાલ કાંગસ, ધર્મ હદવા, સુરેશ ચંદના, મૂળચંદ ચંદના, ધર્મા તેડવા, લેહરુ ગુર્જર સહિતના સમાજના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

**'યુવા સંગમ' કાર્યક્રમ અંતર્ગત**

# ગુજરાત પધારેલા આસામના યુવાનો સાથે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ગોષ્ઠિ



બીજાને પોતાના બનાવતાં અને પોતાને બીજાના બનતાં ગુજરાતીઓને સારું આવડે છે, એટલે જ ગુજરાતીઓ ૧૭૦ દેશોમાં જઈ વસ્યા છે અને અનેક રાજ્યો-રાષ્ટ્રોના લોકો ગુજરાત આવી વસ્યા છે, અને એટલે જ ગુજરાતમાં ખુશાલી, સમૃદ્ધિ અને વિકાસ છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આસામથી યુવા સંગમ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત આવેલા યુવાનો સાથે રાજભવનમાં ગોષ્ઠિ કરતાં કહ્યું હતું કે, ગુજરાતમાં જે સારું છે તે આસામ લઈ જજો અને આસામમાં જે સારું છે એ અહીં આપતા જજો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર કરેલા 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા 'યુવા સંગમ' પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત આઠ પૂર્વોત્તર રાજ્યોના યુવાનો અને અન્ય રાજ્યના યુવાનો વચ્ચે આદાન-પ્રદાન યાત્રાનું આયોજન કરાઈ રહ્યું છે. ગુજરાતમાં આ કાર્યક્રમ માટે નૉડલ ભારતીય પ્રોદ્યોગિકી સંસ્થાન (આઈઆઈટી) ગાંધીનગર મારફતે ગુજરાતના ૫૭ વિદ્યાર્થીઓ અને યુવાનોનું પ્રતિનિધિ મંડળ આસામ ગયું છે, અને આસામથી ૧૮ યુવાનો ગુજરાત આવ્યા છે. આ યુવાનોએ રાજભવનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે ગોષ્ઠિ કરી હતી.

# શુક્ર અને ગુરુ સાથે સાયન્સ કાર્નિવલનો આનંદ માણતા ખગોળરસિક વિદ્યાર્થીઓ

**સાયન્સ સિટી ખાતે રાત્રે આકાશ દર્શનમાં શુક્ર અને ગુરુના સૌથી નજીકના જોડાણને નિહાળવાની તક : જીપીએસ સજ્જ સિસ્ટમ સહિત પાંચ ટેલિસ્કોપની વ્યવસ્થા કરવામાં આવી**





ગાંધીનગર, તા.૦૧

સાયન્સ સિટી ખાતે પાંચ દિવસીયસાયન્સ કાર્નિવલ પૂરજોશમાં ચાલી રહ્યો છે ત્યારે મુલાકાતીઓને સાયન્સ સિટી ખાતે નાઈટ સ્કાય ઓબ્ઝર્વેશન પ્રોગ્રામમાં શુક્ર અને ગુરુના જોડાણને જોવાની પણ તક મળશે. ગુરુ અને શુક્ર આ મહિનામાં દરેક પસાર થતા દિવસો સાથે એકબીજાની નજીક આવી રહ્યા છે. ફેબ્રુઆરી મહિના દરમિયાન સવારનો તારો (શુક્ર) અને વિશાળ વાયુગ્રહ (ગુરુ) સૂર્યાસ્ત પછી પશ્ચિમ આકાશમાં ચમકતા રહ્યા છે. આ ગ્રહો દરરોજ સાંજે પશ્ચિમી આકાશમાં નજીક દેખાય છે, કારણ કે તેઓ આજે દુર્લભ ગ્રહોના જોડાણ તરફ પ્રયાણ કરી રહ્યા છે. આજે સાંજથી શુક્ર આકાશમાં ગુરુની સૌથી નજીક હશે, અને બે ગ્રહો સાંજના આકાશમાં ચમકતા ઝવેરાત જેવા દેખાશે. શુક્ર અને ગુરુ ગ્રહો સાથેનું જોડાણ હંમેશા જોવાલાયક હોય છે, ચંદ્ર પછી આ ગ્રહો આકાશમાં રાત્રે દેખાતા સૌથી તેજસ્વી પદાર્થો છે. તા.૧ અને ૨ માર્ચના રોજ, આ ગ્રહો સૂર્યાસ્ત પછી તરત જ સાંજે વહેલા, આપણા ચંદ્રના કોણીય કદના અડધા-ડિગ્રીની અંદર ચમકવાના છે. વહેલી-સાંજના સૂર્યાસ્તમાં ચમકમાં બે તેજસ્વી ગ્રહો એકબીજા સાથે જોડાયેલા અને પશ્ચિમ ક્ષિતિજ તરફ અદભૂત રીતે દેખાશે. ગુરુ અને શુક્ર દર વર્ષે એક વખત સંયોગ સુધી પહોંચે છે, તેથી આ ઘટના દુર્લભ નથી. જો કે, ૨૦૨૩ની આ ખાસ ઘટના છે કેમ કે તેઓ દાયકાઓ સુધી તેમની સૌથી નજીક દેખાશે. નાસા અનુસાર, જોડાણ એ એક અવકાશી ઘટના છે જેમાં બે ગ્રહો, એક ગ્રહ અને ચંદ્ર, અથવા એક ગ્રહ અને એક તારો પૃથ્વીના રાત્રિના આકાશમાં એકબીજાની નજીક દેખાય છે, અને સૂર્યમંડળના ગ્રહો વચ્ચે આવું વારંવાર થાય છે કારણ કે તેઓ સૂર્યની આસપાસ સમતલ રીતે ભ્રમણ કરે છે જે સમતલ કક્ષા ગ્રહણ તરીકે ઓળખાય છે. ગુજકોસ્ટ અને સાયન્સ સિટી રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી નિમિત્તે પાંચ દિવસીય સાયન્સ કાર્નિવલનું આયોજન કરી રહ્યા છે, ત્યારે સાયન્સ સિટીના વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓ માટે રાત્રિ આકાશ દર્શન કાર્યક્રમ મુખ્ય આકર્ષણ બની રહેશે. રાત્રિના આકાશમાં અન્ય નક્ષત્રો સાથે અર્ધચંદ્રાકાર ચંદ્ર, શુક્ર, ગુરુ અને મંગળને બતાવવા માટે જીપીએસ સજ્જ સિસ્ટમ સહિત પાંચ ટેલિસ્કોપની વ્યવસ્થા કરવામાં આવી છે. તારાઓના અવલોકન ઉપરાંત, ત્યાં રિસોર્સ પર્સન્સ હશે જેઓ વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓને આ અવકાશી અજાયબીઓ વિશે સમજાવશે.

## બંને ગ્રહો નજીક આવવાની અલૌકિક ઘટના

શુક્ર એ આકાશમાં સૌથી તેજસ્વી ગ્રહ છે, શુક્ર, સૌરમંડળનો બીજો પૃથ્વીની સૌથી નજીકનો ગ્રહ છે. નાસાના જણાવ્યા અનુસાર શુક્ર પૃથ્વી ગ્રહથી ૨૬૧ મિલિયન કિમી દૂર છે.

શુક્ર સૂર્યની આસપાસ ફરવા માટે ૨૨૪.૭ પૃથ્વી દિવસ લે છે. જ્યારે ગ્રહો એકબીજાને પકડે છે ત્યારે તે દર ૫૮૪ દિવસમાં (લગભગ દર ૧૯ મહિને) એક વખત પૃથ્વીની નજીક આવે છે.

સરેરાશ, આ બિંદુએ તે ૪૦ મિલિયન કિમી દૂર છે, જો કે તે ૩૮ મિલિયન કિમી જેટલું નજીક પહોંચી શકે છે.

ગુરુ એ ગ્રહોનો રાજા છે અને ચંદ્રનો રાજા પણ છે (૯૨ ચંદ્ર), અને સૂર્યમંડળનો પાંચમો ગ્રહ, ગુરુ, તેના અંતર હોવા છતાં આકાશમાં તેજસ્વી રીતે ચમકે છે.

ગુરુ પૃથ્વીથી લગભગ ૯૬૮ મિલિયન કિમી દૂર છે. જ્યારે તે પૃથ્વીની નજીક છે, ત્યારે તે લગભગ ૫૮૮ મિલિયન કિલોમીટર દૂર છે.

ગુરુ સૂર્યની એક ભ્રમણકક્ષા પૂર્ણ કરવામાં ૧૧.૮૬ પૃથ્વી-વર્ષ લે છે. જેમ જેમ પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે, તે દર ૩૯૯ દિવસમાં એકવાર (લગભગ ૧૩ મહિનામાં) ગુરુ સાથે મળે છે.

આ રીતે, જ્યારે બંને ગ્રહો પૃથ્વીની નજીક આવશે, ત્યારે તેઓ એકબીજાથી લગભગ ૬૨૮ મિલિયન કિમી દૂર હશે.




સાબરકાંઠા જિલ્લામાં ઈડરના ડાયેટ કેન્દ્ર ખાતે રાજ્યકક્ષાનો ઈનોવેશન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના શિક્ષકોએ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## નેચર ફર્સ્ટ પ્લાસ્ટિક મુક્ત ગાંધીનગર અભિયાન

ગાંધીનગર, તા. ૦૧

નેચર ફર્સ્ટ દ્વારા સેક્ટર-૨૧માં પ્લાસ્ટિક મુક્ત ગાંધીનગર અભિયાન કરવામાં આવેલ જેમાં પ્લાસ્ટિકની થેલીઓ લઈને સંસ્થા દ્વારા કપડાની થેલીઓ વિનામૂલ્યે આપવામાં આવી હતી. જેથી જાગૃતિ આવે અને પ્લાસ્ટિકનો વપરાશ ઘટે. નારણભાઈ પી. પટેલ પ્રમુખ, વેસ્ટન સીટ દ્વારા ૧.૧૧ હજાર વૃક્ષો વાવવાનો અને માવજત કરી ઉછેરવાનો લીધો છે. જેમાં ૫૫૦૦૦ વૃક્ષો વાવવામાં આવ્યા અને ૧૧,૦૦૦ કપડાની થેલીઓ શાક માર્કેટમાં વિતરણ કરવામાં આવ્યુ હતુ. નારણભાઈ અને નેચર ફર્સ્ટની ટીમ પર્યાવરણ બચાવવા ખૂબ સારૂ કામ કરી રહ્યું છે. જાહેર જનતાને પ્લાસ્ટિકનો વપરાશ બંધ કરી કપડાની થેલીઓ જ વાપરે તેવી અપીલ કરી હતી.

## અસ્મિતા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા શનિવારે બ્લડ ડોનેશન કેમ્પ

ગાંધીનગર, તા. ૧

અસ્મિતા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૪-૩-૨૦૨૩ શનિવારના રોજ શ્રધ્ધાદિપ લેબના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન સવારે ૯ થી સાંજે ૫ દરમિયાન કરવામાં આવેલ છે. બ્લડ ડોનેટ કરનાર યુવા મિત્રોને બ્લડ ગ્રુપની જાણકારી, ટેસ્ટિંગ રીપોર્ટની માહિતી તેમજ અક્ષર પબ્લીકેશન તરફથી સ્પર્ધાત્મક પુસ્તિકા ફ્રીમાં આપવામાં આવશે. વિશેષ માહિતી માટે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ભાસ્કર શુકલ (મો. નં. ૯૪૨૬૫૨૫૦૪૫)નો સંપર્ક કરવો. બ્લડ ડોનેશન કરનારને બ્લડ ડોનેટનું પ્રમાણપત્ર, બ્લડ ગ્રુપ/HIV/HBSAG/HCV/VDRL ની માહિતી, મોમેન્ટો, બ્લડ આપનારને ૧ વર્ષ બ્લડ આપ્યા સિવાય ટેસ્ટીંગ ચાર્જ લઈને બ્લડ આપવામાં આવશે, અક્ષર પબ્લિકેશન તરફથી ગુજરાતી વ્યાકરણ, ૧ મેગેઝીન ફ્રી આપવામાં આવશે.




વોર્ડ નં. ૮માં બુથ સશક્તિકરણ કાર્યક્રમમાં શહેર પ્રમુખ ઋચિરભાઈ ભટ્ટ, મહામંત્રી કનુભાઈ દેસાઈ, ઉપાધ્યક્ષ નિલેશભાઈ પટેલ, કોર્પોરેટર રાજુભાઈ પટેલ, છાયાબેન ત્રિવેદી અને દરેક બુથના પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા.

# આઈઆઈટી ગાંધીનગર ખાતે વૈજ્ઞાનિક પ્રદર્શનો સાથે 'ઓપન ડે' યોજાયો



ગાંધીનગર, તા. ૦૧

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑફ ટેક્નોલોજી (આઈઆઈટી ગાંધીનગર)માં આજે ??તેના કેમ્પસમાં શાળા અને કૉલેજના વિદ્યાર્થીઓ માટે ઘણી રોમાંચક અને હાથ પરની પ્રવૃત્તિઓ અને વૈજ્ઞાનિક પ્રદર્શનો સાથે 'ઓપન ડે'નું આયોજન કરીને 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરી હતી. અમદાવાદ, ગાંધીનગર અને નજીકના જિલ્લાઓમાંથી ૧૫ શાળાઓના ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૬ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ-યુનિવર્સિટીઓના ૨૦૦ કોલેજના વિદ્યાર્થીઓએ વિજ્ઞાન અને તેની અજાયબીઓનું અન્વેષણ કરવા, અનુભવ કરવા અને માણવા માટે આઈઆઈટી ગાંધીનગર કેમ્પસની મુલાકાત લીધી હતી. અ?ા પ્રસંગે આઈઆઈટી ગાંધીનગરે રોયલ સોસાયટી ઑફ કેમિસ્ટ્રીના સમર્થન સાથે, જીઈસ્ (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત)ના શિક્ષણને લોકપ્રિય બનાવવા અને તેમને જીઈસ્ના વિવિધ ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવા માટે પ્રેરણા આપવાના ઉદ્દેશ્ય સાથે મુલાકાત લેતા વિદ્યાર્થીઓ માટે ઘણી રોમાંચક પ્રવૃત્તિઓ અને વૈજ્ઞાનિક પ્રદર્શનોનું આયોજન કર્યું હતું. .ૈંખ્દ્ઘ ના અંડરગ્રેજ્યુએટ, અનુસ્નાતક અને પીએચડી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા પ્રદર્શનોએ વિવિધ વૈજ્ઞાનિક ખ્યાલોને રસપ્રદ અને મનોરંજક રીતે સમજાવ્યા હતા.



ગુજરાત સરકારશ્રીના જળસંપતિ, નર્મદા નિગમ અને માર્ગ- મકાન વિભાગના નિવૃત યાંત્રિક ઈજનેરોનો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ તા ૨૬ ફેબ્રુઆરી ના રોજ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ગાંધીનગર ના ઓડીટોરીયમ ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ના મુખ્ય ઈજેનેરશ્રી એ. એફ. ભોરાનીયાએ મુખ્ય મહેમાન તરીકે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું તેમજ નિવૃત યાંત્રિક ઈજનરો દ્વારા સમાજમાં ઉપયોગી હોય તેવા સૂચનો આપવા માટે આહ્વાન આપ્યું હતું. આ પ્રસંગે ૭૫ વર્ષથી વધું વયના ઈજનેર વડીલોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.